# ૨૬ એપ્રિલ –૨૦૧૬ (મંગળવાર)

■ **ચેરનોબિલ પરમાણુ દુર્ઘટના :**
- ૨૬ એપ્રિલ ૧૯૮૬ના રોજ ચેરનોબિલમા પરમાણુ દુર્ઘટના સર્જાઈ હતી.
- તે વખતે યુક્રેનમાં આવેલું ચેરનોબીલ સોવિયત સંઘાદ ભાગ હતો.
- ૨૬ એપ્રિલ ૧૯૮૬ના રોજ પરમાણુ રિએક્ટમાં એક મોટો વિસ્ફોટ થયો હતો.
- તે સમયે હવા અને વાદળોને કારણે રેડિયો ધર્મી કણો સોવિયત રશિયાના પશ્ચિમી ભાગ અને યુરોપ સુધી ફેલાઇ ગયા હતા.
- ચેરનોબિલની ઘટનાને દુનિયાની સૌથી ખતરનાક ઘટનાઓમાં માનવામાં આવે છે. તેમાં મોતને ભેટનારા લોકોની સંખ્યા ૪ હજારને પાર કરી ગઇ હતી.

■ **પૂર્ણિમાબહેન પકવાસા**
- પ્રખર ગાંધીવાદી અને સ્વતંત્ર સેનાની પૂર્ણીમાબહેન પકવાસાનું ૨૫ એપ્રિલ, ૨૦૧૬ના રોજ ૧૦૩ વર્ષની વયે અવસાન.
- સુરેન્દ્રનગર જિલ્લાના લીમડી ગામના વતની એવા પૂર્ણીમાબેન પકવાસા ૧૯૭૪ થી ડાંગ જિલ્લામાં સ્થાયી થયા હતા.
- ડાંગ જિલ્લામાં સાપુતારા ખાતે આવેલ ઋતુંભરા કન્યા વિદ્યાલયની સ્થાપના તેઓએ કરી હતી.
- આદીવાસી કન્યાઓમાં શિક્ષણ વધે તે માટે તેઓ હંમેશા કાર્યરત રહેતા.
- આઝાદીની ચળવળ દરમિયાન જેલવાસ ભોગવતા પૂર્ણીમાબેન કસ્તુરબા ગાંધીને પણ ભણાવ્યા હતાં.
- ભારત સરકારે પદ્મભૂષણથી તેમને સન્માનીત કર્યા હતા.

**પ્રશ્નો :**

(૧) ચેરેનોબીલ દુર્ઘટના ક્યારે થઇ હતી ?
- ૨૬ એપ્રિલ ૧૯૮૬

(૨) ચેરનોબીલ હાલમાં કયા દેશનો ભાગ છે ?
- યુક્રેન

(૩) ૨૫ એપ્રિલના રોજ કયાં સ્વતંત્ર સેનાની ગાંધી–વાદીનું અવસાન થયું ?
- પૂર્ણિમાબેન પકવાસા

(૪) પૂર્ણિમાબેન પકવાસા ક્યાંના વતની હતા ?
- લીમડી, સુરેન્દ્રનગર

(૫) પૂર્ણીમાંબેન પકવાસાએ સાપુતારા ખાતે કઇ કન્યા વિદ્યાલયની સ્થાપના કરી હતી ?
- ઋતુંભરા કન્યા વિદ્યાલય

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧